# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

ડો.જિવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬ ૨-૩ જો માળ, ગાંધીનગર ફોનનં-૦૭૯-
૨૩૨૫૧૩૬૧-૬૨-૬૩ E MAIL- cot.jdt@gmail.com / cotit2016@gmail.com

નં/સીઓટી/ફીટનેશ-કેમ્પ/સુચના/ઓન/3636 તા. 10 "" 2020

પ્રતિ,
આરટીઓ/એઆરટીઓશ્રી,
તમામ

વિષય:- વાહનો ના ફીટનેશ અંગેની પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત
સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર નં- સંકલન/COVID-19/કામગીરી/૨૦૨૦/૨૬૭૬
તા.૧-૬-૨૦૨૦

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, રાજ્યની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીઓ તા.૪-૬-૨૦૨૦ થી જાહેર જનતા માટે શરૂ કરેલ છે. જે અંતર્ગત રાજ્યની આરટીઓ/એઆરટીઓ કચેરીઓ ખાતે સોશીયલ ડીસ્ટન્સીગના નિયમોનું પાલન થાય તે હેતુથી તા.૧-૬-૨૦૨૦ ના સંદર્ભીત પત્રથી વાહન ના ફેટનેશ અંગેની પધ્ધતિ અંગે વિગતવાર માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ.

તાબાની કચેરીઓ ખાતે ફીટનેશ પધ્ધતિ વધુ કાર્યક્ષમ રીતે થાય અને સોશીયલ ડીસ્ટન્સીંગનું યોગ્ય પાલન થાય તે હેતુથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

1. તમામ ફીટનેશ સંબધીત કામગીરીઓ કેમ્પ ખાતે જ કરવાની રહેશે.
2. તમામ આરટીઓ કચેરીઓ ખાતે હેડ ક્વાર્ટર માં યોજાતા કેમ્પ માટે અત્રેની કચેરીના તા.૧-૬-૨૦૨૦ ના પત્રની આપેલ સુચના અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

3.

a. આરટીઓ કચેરીઓએ હેડ ક્વાર્ટર સિવાયના તાલુકા કક્ષાના કેમ્પ માં તમામ પ્રકારના વાહનોના ઇંન્સપેક્શન એક જ દિવસે કરી શકાશે.

b. આરટીઓએ એ સુંનિશ્ચિત કરવાનું રહેશે કે, હેડ ક્વાર્ટર સિવાયના તાલુકા કક્ષાના આ કેમ્પ અઠવાડીયામાં ૨ દિવસ યોજવામાં આવે તથા ન્યુનત્તમ ૬ કલાકની સેવા પુરી પાડવામાં આવે.

c. ફીટનેશ કેમ્પના સ્થળ, તારીખ તથા સમયની જાણકારી જાહેર જનતાને જાહેર માધ્યમો માં જાહેર પ્રસિધ્ધિ આપીને કરવાની રહેશે.

4. એઆરટીઓ કચેરીઓ એ ફીટનેશ કેમ્પ અર્થે ઉપરોક્ત 3(a), 3(b) અને 3(c) માં ઉલ્લેખિત પધ્ધતિનું અનુસરણ કરવાનું રહેશે, તદ્ઉપરાંત એઆરટીઓ કચેરીઓએ તમામ પ્રકારના વાહનોના ઇન્સપેક્શન હેડ ક્વાર્ટર ખાતેના કેમ્પ માં પણ કરી શકશે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાના:-

૧ અખિલ ગુજરાત ટ્રક ટ્રાંસ્પોર્ટ એસોશીએસન, ૭૫ સહજાનંદ શોપીંગ સેંટર, સ્વામીનારાયણ મંદીર પાસે, શાહી બાગ, અમદાવાદ-૩૮૦૦૦૪

૨. ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇંડસ્ટ્રીઝ,પ્લોટ-૭૧ સેક્ટર -૮, ગાંધીધામ કચ્છ- ૩૭૦૨૦૧

3. કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન- હોટલ પેરેડાઇઝ બીલ્ડીંગ, જુના રેલ્વે સ્ટેશન રોડ, ભુજ

૪. સંબધીત આરટીઓ/એઆરટીઓ મારફત ઓટો રીક્ષા એસોસીએશન તથા મેક્ષી કેબ એસોસીએશન

અખિલ ગુજરાત ટ્રક ટ્રા એસોસિયેશન, અમદાવાદ
AGTTA
DATE : 10-07-2020
FILE NO : 19